# PSYCHOLOGY

## PAPER – II

## CODE-14

Question Booklet Sl. No.

140698

Name & Signature of the Invigilator

..............................................

..............................................

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..................................

..........................................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example**: (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

✳

✳ SE

✳

DO NOT WRITE HERE

## PSYCHOLOGY

### Paper – II

1. The concept of Persona was given by
   (A) Freud (B) Adler
   (C) Jung (D) Sullivan

2. Which are the utilities of hypothesis ?
   1. Type of research is decided on its basis.
   2. It helps in concluding clear and unambiguous findings of research.
   3. It inspires the researcher to do deductive reasoning.
   4. It helps in deciding statistical method of data analysis.

   (A) 1, 3, 4 (B) 1, 2, 3
   (C) 2, 3 (D) 2, 3, 4

3. Inter scorer reliability is more important in which of the following ?
   (A) Projective tests
   (B) Intelligence tests
   (C) Achievement tests
   (D) Aptitude tests

4. Which structure of the Limbic system is mostly responsible for controlling the emotional behaviour of fear ?
   (A) Amygdala
   (B) Hippocampus
   (C) Cingulate gyrus
   (D) Mammilary bodies

1. આદ્ય પ્રતિકોનો ખ્યાલ કોણે આપ્યો ?
   (A) ફ્રોઈડ (B) એડલર
   (C) યુંગ (D) સુલીવાન

2. ઉત્કલ્પનાની ઉપયોગીતાઓ કઈ છે ?
   1. સંશોધનનો પ્રકાર તેના આધારે નક્કી થાય છે.
   2. તે સંશોધનના પારદર્શક અને સ્પષ્ટ તારણોનો નિષ્કર્ષ તારવવામાં મદદ કરે છે.
   3. તે સંશોધકને અનુમાનાત્મક તર્ક કરવા પ્રેરે છે.
   4. તે માહિતી પૃથક્કરણની આંકડાશાસ્ત્રીય પદ્ધતિ નક્કી કરવામાં મદદ કરે છે.

   (A) 1, 3, 4 (B) 1, 2, 3
   (C) 2, 3 (D) 2, 3, 4

3. નીચેનામાંથી કયામાં આંતરલેખક વિશ્વસનીયતા વધુ મહત્વની છે ?
   (A) પ્રક્ષેપણ કસોટીઓ
   (B) બુદ્ધિ કસોટીઓ
   (C) સિદ્ધિ કસોટીઓ
   (D) અભિયોગ્યતા કસોટીઓ

4. ભયના આવેગીક વર્તનને નિયંત્રીત કરવા માટે સીમાવર્તી તંત્રની કઈ રચના મોટે ભાગે જવાબદાર છે ?
   (A) એમીગડાલા
   (B) હિપોકેમ્પસ
   (C) સીન્ગ્યુલેટ ગાઈરસ
   (D) સ્તનધારી રચનાઓ

5. In the ______, a small stationary light in a darkened room will appear to move or drift because there are no surrounding cues to indicate that the light is not coming.

(A) Stroboscopic motion

(B) Autokinetic effect

(C) Moon illusion

(D) Muller-Lyer illusion

6. __________ is the theory that thought processes and concepts are controlled by language.

(A) Pragmatic language hypothesis

(B) Syntax language hypothesis

(C) Absolute linguistic hypothesis

(D) Linguistic relativity hypothesis

7. Which of the following is NOT from the types of personality given by Holland ?

(A) Investigative

(B) Artistic

(C) Theoretical

(D) Enterprising

8. _________ shows behaviour that is hostile and aggressive has more health risk of cardiac problems.

(A) Type D personality

(B) Type C personality

(C) Type B personality

(D) Type A personality

5. _____ માં અંધારા ઓરડામાં રહેલો એક નાનો સ્થિર પ્રકાશ હલતો અથવા ખસતો દેખાશે કારણ કે આસપાસ કોઈ સંકેતો નથી કે પ્રકાશ આવી રહ્યો નથી.

(A) સ્ટ્રોબોસ્કોપીક ગતિ

(B) સ્વયંસંચાલિત ગતિ

(C) ચંદ્ર ભ્રમ

(D) મુલર-લાયર ભ્રમ

6. ____ એ સિદ્ધાંત છે કે વિચારણા પ્રક્રિયા અને સંકલ્પના ભાષા દ્વારા નિયંત્રીત થાય છે.

(A) વ્યવહારિક ભાષા ઉત્કલ્પના

(B) ભાષા વાક્યરચના ઉત્કલ્પના

(C) અબાધિત ભાષાકીય ઉત્કલ્પના

(D) ભાષાકીય સાપેક્ષતા ઉત્કલ્પના

7. નીચેનામાંથી કયો હોલેન્ડે આપેલા વ્યક્તિત્વનો પ્રકાર નથી ?

(A) અન્વેષણાત્મક

(B) કલાત્મક

(C) સૈદ્ધાંતિક

(D) સાહસિક

8. ____________ પ્રતિકૂળ અને આક્રમક વર્તન દર્શાવે છે તેમાં હૃદય રોગનું જોખમ વધુ હોય છે.

(A) ટાઈપ D વ્યક્તિત્વ

(B) ટાઈપ C વ્યક્તિત્વ

(C) ટાઈપ B વ્યક્તિત્વ

(D) ટાઈપ A વ્યક્તિત્વ

9. Bipolar I and Bipolar II as the names of disorder are used mainly for classifying the
(A) Neurotic disorders
(B) Mood disorders
(C) Schizophrenic disorders
(D) Sexual dysfunction disorder

10. Which of the following best reflects Judith Butler's concept of gender performativity in psychological discourse ?
(A) Gender is biologically determined and fixed across cultures
(B) Gender is an internal identity that emerges naturally over time
(C) Gender is a set of repeated acts shaped by societal norms
(D) Gender is irrelevant to psychological functioning

11. Rules within a language indicating how words can be combined into meaningful sentences refer to
(A) Babbling
(B) Semantic development
(C) Phonological development
(D) Grammar

12. Which term refers to the psychological process by which marginalized individuals resist dominant cultural narratives ?
(A) Cultural boycott
(B) Micro aggression
(C) Social rebel
(D) Counter-narrative

9. દ્વિધ્રુવી વિકૃતિ I અને દ્વિધ્રુવી વિકૃતિ II ____ ના વર્ગીકરણ તરીકે વપરાય છે.
(A) સૌમ્ય મનોવિકૃતિઓ
(B) મનોદશા વિકૃતિઓ
(C) છિન્નમાનસ વિકૃતિ
(D) લૈંગીક વિકાર વિકૃતિ

10. સાંપ્રતિક મનોવૈજ્ઞાનિક ચર્ચામાં જ્યુડીથ બટલરની લિંગ પ્રદર્શની સંકલ્પનાને નીચેના પૈકી કયું સર્વોચ્ચ રીતે પ્રતિબિંબિત કરે છે?
(A) લિંગ જૈવિક રીતે નિર્ધારિત હોય છે અને સંસ્કૃતિઓમાં સ્થિર હોય છે
(B) લિંગ એ એક આંતરિક ઓળખ છે જે સમયસાથે સ્વાભાવિક રીતે વિકસે છે
(C) લિંગ એ સમાજના નિયમો દ્વારા આકાર પામેલો પુનરાવર્તિત ક્રિયાઓનો સમૂહ છે
(D) લિંગનું માનસિક કાર્ય પ્રક્રિયાઓમાં કોઈ મહત્વ નથી

11. શબ્દોને અર્થપૂર્ણ વાક્યોમાં કેવી રીતે જોડી શકાય તે ભાષાકીય નિયમો એટલે
(A) બડબડાટ
(B) શબ્દાર્થ વિજ્ઞાન વિકાસ
(C) ઉચ્ચારણ વિકાસ
(D) વ્યાકરણ

12. નિમ્નલિખિત કઈ માનસિક પ્રક્રિયાઓ દ્વારા બહિષ્કૃત/તરછોડાયેલ વ્યક્તિઓ વર્ચસ્વ ધરાવતી સાંસ્કૃતિક કથાઓનો વિરોધ કરે છે?
(A) સાંસ્કૃતિક બહિષ્કાર
(B) સુક્ષ્મ આક્રમકતા
(C) સામાજિક વિદ્રોહ
(D) વિરોધ કથા

13. What is/are true about 'Dyslexia' as a specific learning disorder ?

I. It means child has difficulty in reading.

II. It means child has difficulty in understanding meaning of words and rules of grammar.

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

14. Important causes of social behaviour and thought include

(A) Non-cognitive processes

(B) The actions and characteristics of other persons

(C) Non-environmental variables

(D) Cross-cultural context

15. Match the concepts and theorist from Column – I and Column – II :

| Column – I (Concepts) | Column – II (Theorist) |
|---|---|
| a. Need for power | 1. Jung |
| b. Vicarious reinforcement | 2. Allport |
| c. Archetypes | 3. Murray |
| d. Cardinal traits | 4. Bandura |

(A) a – 2, b – 4, c – 1, d – 3

(B) a – 3, b – 4, c – 1, d – 2

(C) a – 4, b – 2, c – 3, d – 1

(D) a – 1, b – 3, c – 4, d – 2

13. એક વિશિષ્ટ શીખવાની બિમારી તરીકે 'ડિસ્લેક્સીયા' માટે શું સાચું છે ?

I. તેનો મતલબ છે કે બાળકને વાંચવામાં તકલીફ છે.

II. તેનો મતલબ છે કે બાળકને શબ્દોના અર્થ અને વ્યાકરણ ના નિયમો સમજવામાં તકલીફ છે.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બંને

(D) I અને II માંથી એક પણ નહીં

14. સામાજિક વર્તન અને વિચારણા ના મહત્વના કારણો સામેલ કરે છે

(A) બિન-જ્ઞાનાત્મક પ્રક્રિયાઓ

(B) અન્ય લોકોની ક્રિયાઓ અને લક્ષણો

(C) બિન-પર્યાવરણીય પરિવર્ત્યો

(D) આંતર સાંસ્કૃતિક સંદર્ભ

15. સંકલ્પનાઓ અને સિદ્ધાંત વાદીઓની હારમાળા જોડો :

| Column – I (સંકલ્પના) | Column – II (સિદ્ધાંતવાદી) |
|---|---|
| a. સત્તાની જરૂરિયાત | 1. યુંગ |
| b. પ્રતીક પ્રબલન | 2. ઓલપોર્ટ |
| c. આદ્ય પ્રતિકો | 3. મરે |
| d. મુખ્ય (કેન્દ્રવર્તી) લક્ષણો | 4. બાન્ડુરા |

(A) a – 2, b – 4, c – 1, d – 3

(B) a – 3, b – 4, c – 1, d – 2

(C) a – 4, b – 2, c – 3, d – 1

(D) a – 1, b – 3, c – 4, d – 2

16. Which of the following best defines divided attention ?

(A) Focusing attention on one source while suppressing others

(B) Monitoring the environment for unexpected stimuli

(C) Allocating cognitive resources to multiple tasks simultaneously

(D) Rapid switching between tasks

17. Which of the following hormones is a hunger stimulant ?

(A) Insulin (B) Ghrelin

(C) Leptin (D) Dopamine

18. If psychiatrist's assessment of patient's depression and patient's score on depression scale are obtained immediately after one another, then this will be an example of

(A) Content validity

(B) Test-retest reliability

(C) Predictive validity

(D) Concurrent validity

19. According to the conceptualization in Indian psychology, what is true about 'Buddhi Yoga' and 'Karma Yoga' ?

(A) Those are completely different and unrelated to each other

(B) Buddhi Yoga is a lower stage compared to Karma yoga

(C) Buddhi yoga is superior to Karma Yoga

(D) Both are the expressions of the same principles

16. નીચેનામાંથી કયું વિભાજિત ધ્યાનને સારી રીતે વ્યાખ્યાયિત કરે છે.

(A) ધ્યાનને એક સ્ત્રોત પર કેન્દ્રિત કરી બીજાને દમિત કરે છે

(B) અણધાર્યા ઉદ્દીપક માટે વાતાવરણનું નિરીક્ષણ કરવું

(C) બહુવિધ કાર્યો માટે બોધાત્મક સ્ત્રોતોની ફાળવણી

(D) કાર્યો વચ્ચે ઝડપી ફેરફાર

17. નીચેનામાંથી કયો અંતઃસ્ત્રાવ ભૂખનું ઉદ્દીપન કરે છે?

(A) ઇન્સ્યુલિન (B) ઘ્રેલીન

(C) લેપ્ટીન (D) ડોપામાઈન

18. જો મનોચિકિત્સક દ્વારા દર્દીઓની ખિન્નતાનું મૂલ્યાંકન અને ડિપ્રેશન સ્કેલ પર દર્દીનો સ્કોર એક પછી એક તરત જ મેળવવામાં આવે તો આ એક ઉદાહરણ હશે:

(A) વિષયવસ્તુ યથાર્થતા

(B) પૂર્વ-પશ્ચાત કસોટી યથાર્થતા

(C) આગાહીસૂચક યથાર્થતા

(D) સમવર્તી યથાર્થતા

19. ભારતીય મનોવિજ્ઞાનના ખ્યાલ પ્રમાણે 'બુદ્ધિ યોગ' અને 'કર્મ યોગ' માટે શું સાચું છે ?

(A) તેઓ એકબીજાથી સંપૂર્ણ રીતે અલગ અને અસંબંધિત છે

(B) બુદ્ધિ યોગ એ કર્મ યોગની સરખામણીએ નીચલો તબક્કો છે

(C) બુદ્ધિ યોગ એ કર્મ યોગથી ચડિયાતું છે

(D) બંને સમાન સિદ્ધાંતોની અભિવ્યક્તિઓ છે

20. Which is the basic condition to find correlation coefficient by Karl Pearson's method ?

(A) Both variables should possess qualitative data

(B) Values of both the variables should change simultaneously

(C) There should be linear relationship between two variables

(D) Cause and effect relationship should not be there between two variables

21. Damage to the _______ disrupts one's ability to comprehend language, but it leaves one's ability to produce words intact.

(A) Amygdala

(B) Broca's area

(C) Wernicke's area

(D) Occipital lobe

22. Choose the correct sequence of neuronal structures involved in synaptic transmission.

1. Post synaptic membrane
2. Synaptic vesicles
3. Terminal buttons
4. Axon
5. Synaptic cleft

(A) 5, 3, 2, 1, 4

(B) 3, 2, 5, 1, 4

(C) 1, 3, 4, 5, 2

(D) 4, 3, 2, 5, 1

20. કાર્લ પિયરસનની પદ્ધતિથી સહસંબંધાંક શોધવાની મૂળભૂત શરત કઈ છે ?

(A) બંને પરિવર્ત્ય ગુણાત્મક માહિતી ધરાવતા હોવા જોઈએ

(B) બંને પરિવર્ત્યના મૂલ્ય સમાનાંતરે બદલાવા જોઈએ

(C) બંને પરિવર્ત્યો વચ્ચે રેખીય સંબંધ હોવા જોઈએ

(D) બંને પરિવર્ત્યો વચ્ચે કાર્યકારણનો સંબંધ હોવો ન જોઈએ

21. _______નું નુકસાન વ્યક્તિની ભાષા સમજવાની ક્ષમતાને નુકસાન કરે છે, પરંતુ તે શબ્દો બનાવવાની ક્ષમતાને અકબંધ રાખે છે.

(A) એમીગડાલા

(B) બ્રોકાનો વિસ્તાર

(C) વરનીકનો વિસ્તાર

(D) પશ્ચ કપાલી ખંડ

22. મજ્જાસંધિ પ્રસારણના ચેતાકોષીય રચનાની સાચી શ્રેણી પસંદ કરો.

1. પશ્ચાત મજ્જાસંધિ રસસ્તર
2. મજ્જાસંધિ કોથળીઓ
3. ચેતાન્તો
4. ચેતાક્ષ
5. મજ્જાસંધિ

(A) 5, 3, 2, 1, 4

(B) 3, 2, 5, 1, 4

(C) 1, 3, 4, 5, 2

(D) 4, 3, 2, 5, 1

23. Anyone who has seen a crime or something relevant to a crime may be asked to testify and thus provide crucial information in an investigation or in a trial. This is called

(A) Expert Witness

(B) Forensic Witness

(C) Eyewitness Testimony

(D) Legal Counsellor

24. In personality, reciprocal determinism as a conceptualization of human environment interaction was given by

(A) Skinner

(B) Rotter

(C) Bandura

(D) Piaget

25. What is/are true about the mental status examination ?

I. It is equivalent to physical examination in medical practice.

II. Direct questioning is an essential part of this examination.

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

23. કોઈપણ વ્યક્તિ જે કોઈ ગુનો અથવા ગુના સંબંધિત કંઈક જુએ છે તેને જુબાની આપવા માટે કહેવામાં આવી શકે છે અને આમ તપાસ અથવા ટ્રાયલમાં મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી શકે છે. તેને કહે છે.

(A) નિષ્ણાત સાક્ષી

(B) ફોરેન્સિક સાક્ષી

(C) પ્રત્યક્ષદર્શીની જુબાની

(D) કાનૂની સલાહકાર

24. વ્યક્તિત્વમાં પારસ્પરિક નિર્ધારણવાદને માનવ-પર્યાવરણની આંતરક્રિયાના ખ્યાલ તરીકે કોણે રજૂ કર્યો હતો ?

(A) સ્કીનર

(B) રોટર

(C) બાન્ડુરા

(D) પીયાજે

25. માનસિક સ્થિતિ તપાસ માટે શું સાચું છે ?

I. તે તબીબી વ્યવસાયમાં થતી શારીરિક તપાસ જેવું જ છે.

II. સીધા પ્રશ્નો એ આ તપાસનો અગત્યનો ભાગ છે.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બંને

(D) I અને II માંથી એક પણ નહીં

26. What is the primary focus of peace psychology ?

(A) Understanding and promoting non-violence and harmony
(B) Understanding violence and conflicts
(C) Diagnosis of conflict problems
(D) Understand military strategies in conflict zones

27. Which of the following is/are assessed in the assessment of executive functions ?

I. Ability to conceptualize
II. Flexibility in thinking
III. Ability to understand others' emotions

(A) Only I
(B) Only II
(C) Only I and II
(D) Only II and III

28. When a researcher wants to study the differences in mean scores of performance of the same participants under two different conditions, which of the following can be used for the data analysis ?

(A) Pearson's 'r'
(B) Independent 't'
(C) Independent groups one-way ANOVA
(D) Dependent 't'

26. શાંતિ મનોવિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) અહિંસા અને સુમેળને સમજવા અને પ્રોત્સાહન આપવું
(B) હિંસા અને સંઘર્ષને સમજવા
(C) સંઘર્ષ સમસ્યાઓનું નિદાન કરવું
(D) સંઘર્ષમય વિસ્તારોની રણનીતિઓનો અભ્યાસ કરવો

27. નીચેનામાંથી કયું કારોબારી કાર્યોના માપનમાં માપન કરવામાં આવે છે ?

I. સંકલ્પના શક્તિ
II. વિચારણામાં લવચીકતા
III. બીજાના આવેગોને સમજવાની ક્ષમતા

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) ફક્ત I અને II
(D) ફક્ત II અને III

28. જ્યારે સંશોધક બે અલગ અલગ પરિસ્થિતિઓ હેઠળ સમાન સહભાગીઓના પ્રદર્શનના મધ્યકોના પ્રાપ્તાંકમાં તફાવતનો અભ્યાસ કરવા માંગે છે. તો નીચેનામાંથી કયું માહિતીના પૃથક્કરણ માટે વાપરી શકાય ?

(A) પિયરસન 'r'
(B) સ્વતંત્ર 't'
(C) સ્વતંત્ર જૂથ-એક માર્ગી ANOVA
(D) આધારિત 't'

**29.** Which Indian philosophical system emphasized the cessation of thoughts as the path to self-realization ?

(A) Nyaya

(B) Samkhya

(C) Yoga

(D) Mimansa

**30.** Match List – I with List – II :

| List – I (Hormone) | List – II (Functions) |
|---|---|
| a. Prolactin | 1. Promotes milk ejection during child birth |
| b. Oxytocin | 2. Prompts the production of milk in pregnant and nursing mothers |
| c. Thyroxin | 3. Helps liver to breakdown glucose |
| d. Insulin | 4. Influences the body's metabolic rate |

(A) a – 1, b – 2, c – 3, d – 4

(B) a – 2, b – 1, c – 3, d – 4

(C) a – 1, b – 3, c – 4, d – 2

(D) a – 2, b – 1, c – 4, d – 3

**29.** કઈ ભારતીય દાર્શનિક પ્રણાલીએ આત્મસાક્ષાત્કારના માર્ગ તરીકે વિચારોના સમાપન પર ભાર મૂક્યો હતો ?

(A) ન્યાય

(B) સામખ્ય

(C) યોગ

(D) મીમાંસા

**30.** યાદી – I ને યાદી – II સાથે જોડો :

| યાદી – I (અંતઃસ્ત્રાવ) | યાદી – II (કાર્ય) |
|---|---|
| a. પ્રોલેક્ટીન | 1. બાળકના જન્મ સમયે દૂધની નિષ્કાસન પ્રક્રિયાને મદદ કરે છે. |
| b. ઓક્સિટોસીન | 2. સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓમાં દૂધનું ઉત્પાદન વધારે છે. |
| c. થાયરોક્સિન | 3. ગ્લુકોઝને તોડવામાં યકૃતને મદદ કરે છે. |
| d. ઇન્સ્યુલિન | 4. શરીરના ચયાપચય દર ને પ્રભાવિત કરે છે. |

(A) a – 1, b – 2, c – 3, d – 4

(B) a – 2, b – 1, c – 3, d – 4

(C) a – 1, b – 3, c – 4, d – 2

(D) a – 2, b – 1, c – 4, d – 3

31. The "Cocktail party effect" is best explained by which theory of attention ?

(A) Broadbent's filter theory

(B) Treisman's attenuation theory

(C) Deutsch and Deutsch's late selection theory

(D) Capacity theory

32. Which is NOT the obstacle to problem solving ?

(A) Heuristics

(B) Mental set

(C) Fixation

(D) Confirmation bias

33. While testing the directional hypothesis in research which of the following is/are correct ?

I. Significance levels of one-tailed testing are used.

II. Significance levels of two-tailed testing are used.

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

31. "કોકટેલ પાર્ટી અસર" કયા ધ્યાનના સિદ્ધાંતને આધારે સારી રીતે સમજાવી શકાય ?

(A) બ્રોડબેન્ટનો સંમાર્જન સિદ્ધાંત

(B) ટ્રેઈસમેનનો નિર્બલન સિદ્ધાંત

(C) ડેયુટ્સ અને ડેયુટ્સનો વિલંબિત પસંદગી સિદ્ધાંત

(D) સામર્થ્યનો સિદ્ધાંત

32. કયું સમસ્યા ઉકેલ માટે અવરોધ નથી ?

(A) અનુમાન આધારિત પદ્ધતિ (હ્યુરિસ્ટિક્સ)

(B) માનસિક તત્પરતા

(C) ચુસ્તતા/દૃઢતા

(D) સમર્થન ઝોક

33. સંશોધનમાં દિશાત્મક ઉત્કલ્પનાને ચકાસતી વખતે નીચેનામાંથી કયું સાચું છે ?

I. એક તરફી પરીક્ષણના મહત્વના સ્તરનો ઉપયોગ થાય છે.

II. દ્વિતરફી પરીક્ષણના મહત્વના સ્તરનો ઉપયોગ થાય છે.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બંને

(D) I અને II માંથી એક પણ નહીં

34. Content validity of test is studied by which of the following ?

I. Experts' judgement method.

II. By relating it with an independent criterion.

III. By studying the relationship between two tests.

(A) Only I (B) I and II
(C) II and III (D) I, II and III

35. The concept of 'Tariqa' in Suffism is similar to which of the following ?

(A) A solid and fixed set of rules

(B) A spiritual path requiring guidance from the master

(C) A divine decree

(D) The road that traveller follows without deviation

36. What is the primary goal of twin studies in behavioural genetics ?

(A) To identify specific genes responsible for intelligence

(B) To examine the influence of parental behaviour on child development

(C) To estimate the relative contribution of genetic and environmental factors to individual differences in behaviour

(D) To determine the effects of cultural differences on behaviour

34. કસોટીની વિષયવસ્તુ યથાર્થતાનો અભ્યાસ નીચેનામાંથી શેના દ્વારા થાય છે ?

I. નિષ્ણાતોના ચુકાદા પદ્ધતિ.

II. સ્વતંત્ર ધોરણો સાથે તેને જોડીને.

III. બે કસોટી વચ્ચેના સંબંધનો અભ્યાસ કરીને.

(A) ફક્ત I (B) I અને II
(C) II અને III (D) I, II અને III

35. સુફીવાદની 'તારીકા'ની વિભાવના નીચેનામાંથી કોની સાથે મળતી આવે છે

(A) નક્કર અને નિશ્ચિત નિયમોનો સમૂહ

(B) ગુરુના માર્ગદર્શનની જરૂર હોય તેવો આધ્યાત્મિક માર્ગ

(C) એક દૈવી હુકમનામું

(D) એક એવો રસ્તો જે મુસાફર કોઈપણ વિચલન વિના અનુસરે છે

36. બિહેવીયરલ જીનેટિક્સમાં જોડિયા બાળકોના અભ્યાસનો પ્રાથમિક હેતુ શું છે ?

(A) બુદ્ધિમત્તા સાથે સંકળાયેલ જનીન તત્વોની શોધ કરવી

(B) મા બાપના વર્તનની બાળકના વિકાસ પર થતી અસરોનો અભ્યાસ કરવો

(C) વર્તનની વ્યક્તિગત ભિન્નતાઓમાં જનીન તત્વો અને પર્યાવરણીય ઘટકોની સાપેક્ષ અસરોનો તાગ મેળવવો

(D) સાંસ્કૃતિક ભિન્નતાની વર્તન પર થતી અસરોનો અભ્યાસ કરવો

37. The physical trace of memory in the brain is called the

(A) Memogram

(B) Engram

(C) Sonogram

(D) Pschygram

38. According to Flavell, which of the following is NOT a component of meta cognition ?

(A) Metacognitive knowledge

(B) Metacognitive experiences

(C) Metamemory storage

(D) Metacognitive regulation

39. Which of the following is/are true according to James-Lange theory of emotion ?

I. After seeing a dog your heart beats faster and you experience the emotion of fear.

II. You are scared of the dog, therefore, when you see the dog your heart beats faster.

III. Faster heart beats are not related to experience of fear.

(A) Only I

(B) Only II

(C) Only I and II

(D) Only II and III

37. સ્મૃતિના મગજમાંના શારીરિક રેખાંકનોને કહેવામાં આવે છે

(A) મેમોગ્રામ

(B) એન્ગ્રામ

(C) સોનોગ્રામ

(D) સાઈકગ્રામ

38. ફ્લેવલના અનુસાર નીચેના પૈકી કયો બોધાત્મક બોધનો ભાગ નથી ?

(A) અનુજ્ઞાનાત્મક જ્ઞાન

(B) બોધાત્મક બોધ અનુભવો

(C) સ્મૃતિ-સ્મૃતિ સંગ્રહ

(D) બોધાત્મક બોધ નિયમન

39. જેમ્સ-લેંગ ના આવેગના સિદ્ધાંત પ્રમાણે નીચેનામાંથી કયું/ક્યા સાચું છે ?

I. કૂતરાને જોઈને તમારા હૃદયના ધબકારા વધે છે અને તમે ભયનો આવેગ અનુભવો છો.

II. તમે કૂતરા થી ડરો છો તેથી તમે કૂતરાને જોવો છો ત્યારે તમારા હૃદયના ધબકારા વધી જાય છે.

III. હૃદયના ધબકારાના વધવાને ભયના અનુભવ સાથે કોઈ સંબંધ નથી.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) ફક્ત I અને II

(D) ફક્ત II અને III

40. In Social Psychology, Information about our inner states is often revealed through some basic channels. Which is it ?
(A) Unmasking the face : Facial expressions as clues to other's emotions
(B) No eye contact
(C) Wrong body language
(D) Not touching

41. There are several basic mechanisms through which attitudes shape behaviour
(A) Attitudes, Reasoned thought and behaviour
(B) Attitudes and non-immediate behavioural reactions
(C) Attitude to behaviour process
(D) Behaviour and unreasoned thoughts

42. According to Roger's theory of human development which of the following is/are correct ?
I. Fully functioning person is conventional in his/her approach.
II. Fully functioning person takes personal responsibility.
(A) Only I
(B) Only II
(C) Both I and II
(D) Neither I nor II

40. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં આપણી અંતઃસ્થિતિઓની માહિતી કેટલીક મૂળભૂત ચેનલોથી ઘણી વાર છતી થાય છે. તે કઈ છે ?
(A) ચહેરો ખુલ્લો કરવો : અન્યની લાગણીઓના સંકેત તરીકે ચહેરાના હાવભાવ
(B) આંખોનો સંપર્ક નહીં
(C) ખોટી શારીરિક ભાષા
(D) સ્પર્શ ન કરવો

41. ઘણી બધી મૂળભૂત સંરચનાઓ છે કે જેના થકી મનોવલણો વર્તનને ઘડે છે:
(A) મનોવલણો, તાર્કિક વિચારણા અને વર્તન
(B) મનોવલણો અને તાત્કાલિક ન હોય તેવા વર્તન પ્રતિભાવો
(C) વર્તન પ્રક્રિયા તરફી મનોવલણ
(D) વર્તન અને અતાર્કિક વિચારણાઓ

42. રોજર્સના માનવ વિકાસના સિદ્ધાંત પ્રમાણે નીચેનામાંથી શું સાચું છે ?
I. સંપૂર્ણપણે કાર્યરત વ્યક્તિ તેના અભિગમમાં પરંપરાગત હોય છે.
II. સંપૂર્ણપણે કાર્યરત વ્યક્તિ વ્યક્તિગત જવાબદારી લે છે.
(A) ફક્ત I
(B) ફક્ત II
(C) I અને II બન્ને
(D) I અને II માંથી એક પણ નહીં

**43.** According to Seligman, which of the following best defines a "signature strength" ?

(A) A strength that aligns with one's core identity and leads to fulfillment when used

(B) A strength that is rarely used and externally rewarded

(C) A strength chosen by employers in organizational settings

(D) A temporary skill acquired through training

**44.** What is the primary destination between hedonic and eudaimonic well being ?

(A) Hedonic well-being focuses on moral values, eudaimonic focuses on pleasure

(B) Hedonic well-being is about happiness and pleasure; eudaimonic well-being is about meaning and self

(C) Both are identical and refer to material success

(D) Hedonic is spiritual and eudaimonic is scientific

**45.** Gardner has proposed the existence of which different kinds of intelligence ?

(A) Verbal, Musical and Logical

(B) Analytical, Creature and Practical

(C) Information, Arithmetic and Vocabulary

(D) Comprehension, Similarities and Vocabulary

**43.** સેલિગમેનના મત અનુસાર નીચેના પૈકી કયું "સિગ્નેચર સ્ટ્રેંથ"ને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરે છે ?

(A) એવી શક્તિ જે વ્યક્તિની મૂળ ઓળખ સાથે જોડાયેલી હોય છે અને તેનો ઉપયોગ સંતોષની લાગણી આપે.

(B) એ શક્તિ જે બહુ ઓછી વપરાય છે અને બહારથી પ્રોત્સાહિત કરવામાં આવે છે

(C) એવી શક્તિઓ જે નોકરીદાતાઓ દ્વારા સંસ્થામાં પસંદ કરવામાં આવે છે

(D) એવી અસ્થાયી શક્તિઓ જે તાલીમથી પ્રાપ્ત થાય છે

**44.** હેડોનિક અને યુડેમોનિક સુખાકારી વચ્ચેનો મુખ્ય તફાવત શું છે ?

(A) હેડોનિક સુખાકારી નૈતિક મૂલ્યો પર ધ્યાન આપે છે; યુડેમોનિક સુખ પર ધ્યાન આપે છે

(B) હેડોનિક સુખાકારી સુખ અને આનંદ વિશે છે; યુડેમોનિક સુખાકારી અર્થ અને આત્મ સાક્ષાત્કાર વિશે છે

(C) બંને એક સરખા છે અને ભૌતિક સફળતાને દર્શાવે છે

(D) હેડોનિક આધ્યાત્મિક છે; યુડેમોનિક વૈજ્ઞાનિક છે

**45.** ગાર્ડનરે કેટલીક અલગ પ્રકારની બુદ્ધિને પ્રસ્તાવિત કરી છે.

(A) શાબ્દિક, સંગીત અને તર્ક

(B) વિશ્લેષણાત્મક, સર્જનાત્મક અને વ્યવહારુ

(C) માહિતી, ગાણિતિક અને શબ્દભંડોળ

(D) સમજશક્તિ, સમાનતાઓ અને શબ્દભંડોળ

46. Bandura's famous __________ demonstrated that young children will initiate the aggressive actions of a model even when there is no reinforcement for doing so.

(A) Behaviour modification experiment
(B) Experiments in insight
(C) Bobo doll experiment
(D) Classical conditioning experiment

46. બાન્ડુરાનો પ્રખ્યાત____દર્શાવે છે કે નાના બાળકો તેમના આદર્શની આક્રમક પ્રતિક્રિયાઓનું અનુકરણ કરશે ત્યારે પણ કે જ્યારે તેમને તેમ કરવા માટે પ્રબલન ન મળે.

(A) વાર્તનિક ફેરફારનો પ્રયોગ
(B) આંતરસૂઝનો પ્રયોગ
(C) બોબો ડોલ પ્રયોગ
(D) શાસ્ત્રીય અભિસંધાન પ્રયોગ

47. Damage to the cerebellum would most likely result in

(A) Respiratory failure
(B) Heart failure
(C) Loss of muscular co-ordination
(D) Loss of hearing

47. નાના મગજ (cerebellum)ને નુકસાન થવાથી નીચેનામાંથી કઈ સમસ્યા થઈ શકે છે?

(A) શ્વસન નિષ્ફળતા (Respiratory failure)
(B) હૃદયની નિષ્ફળતા
(C) સ્નાયુ સંકલનનો લોપ
(D) શ્રવણની સમસ્યાઓ

48. Who among the following was the first to conceptualize IQ ?

(A) Terman
(B) Stern
(C) Binet
(D) Simon

48. નીચેનામાંથી બુદ્ધિ આંક (IQ) ની કલ્પના સૌપ્રથમ કોણે કરી હતી

(A) ટર્મન
(B) સ્ટર્ન
(C) બીને
(D) સાયમન

49. Which is NOT the major characteristics of consciousness according to William James ?

(A) Personal
(B) Always changing
(C) Continuous
(D) Mind-body problem

49. વિલિયમ જેમ્સના મતે ચેતનાની મુખ્ય લાક્ષણિકતા નથી.

(A) વ્યક્તિગત
(B) હંમેશા બદલાતું
(C) સતત
(D) મન-શરીરની સમસ્યા

50. If performance ratings and organizational commitment are related in a study of employees in an organization and the correlation (r) = 0.70, then the error variance is

(A) 30% (B) 70%

(C) 51% (D) 49%

51. Which of the following is NOT a sub-scale in WAIS ?

(A) Vocabulary

(B) Digit span

(C) Block design

(D) Draw a symbol

52. Which of the following concepts is given by Zuckerman ?

(A) Drive

(B) Conflicts of motives

(C) Neurotic needs

(D) Sensation seeking

53. Which of the following best describes the key idea behind Bonanno's trajectory-based model of resilience ?

(A) All individuals experience trauma the same way

(B) Resilience is a rare and exceptional response

(C) Trauma always leads to mental illness

(D) There are multiple distinct patterns of psychological response to adversity

50. જો કોઈ એક સંસ્થાના કર્મચારીઓની કામગીરીનું મૂલ્યાંકન તથા સંસ્થાકીય નિષ્ઠાનો સહસંબંધ r = 0.70 હોય તો તેનો ભૂલ પ્રચરણ કેટલો હોઈ શકે ?

(A) 30% (B) 70%

(C) 51% (D) 49%

51. નીચેનામાંથી કઈ WAIS ની પેટા કસોટી નથી

(A) શબ્દભંડોળ

(B) અંકવિસ્તાર

(C) બ્લોક ડિઝાઇન

(D) પ્રતીક દોરવું

52. નીચેનામાંથી કયો ખ્યાલ ઝકરમેને આપ્યો છે ?

(A) પ્રેરણા

(B) પ્રેરણાનો સંઘર્ષ

(C) મનોદોર્બલ્ય જરૂરિયાતો

(D) ઉત્તેજના શોધ વૃત્તિ

53. નીચેનામાંથી કયું બોનાન્નોની ટ્રેજેક્ટરી-આધારિત રેઝિલિયન્સ (આઘાત સહનશક્તિ) મોડેલની મુખ્ય વિચારધારા ને યોગ્ય રીતે વર્ણવે છે ?

(A) બધાં જ વ્યક્તિઓ આઘાત નો અનુભવ સમાન રીતે કરે છે

(B) આઘાત સહનશક્તિ એક દુર્લભ અને અસામાન્ય પ્રતિક્રિયા છે

(C) આઘાત હંમેશા માનસિક રોગ તરફ દોરી જાય છે

(D) પ્રતિકૂળતાનો સામનો કરતી માનસિક પ્રક્રિયાઓના જુદા જુદા વિશિષ્ટ ઢાંચાઓ હોય છે

54. According to Kohlberg's theory moral development, conventional moral reasoning occurs

(A) During the late childhood and based on rules and regulations of society

(B) During the late adolescence stage based on parent's influences

(C) During the early adulthood based on scientific rules and procedures

(D) During the late childhood and based on scientific rules

55. What role does automatic processing play in social cognition ?

(A) It helps individuals make deliberate, conscious decisions

(B) It involves effortful analysis of social stimuli

(C) It allows for quick, unconscious evaluations of social situations

(D) It eliminates biases in thinking

56. Whenever the daughter performs well in her studies she receives a chocolate from her parents, but her brother is given a chocolate only when he gets the highest marks in the class. This is a paradigm of

(A) Positive and negative reinforcement

(B) Primary and secondary reinforcement

(C) Continuous and secondary reinforcement

(D) Continuous and partial reinforcement

54. કોહલબર્ગના સિદ્ધાંત પ્રમાણે નૈતિક વિકાસ, પરંપરાગત નૈતિક તર્ક થાય છે____

(A) ઉત્તર બાલ્યાવસ્થા દરમિયાન અને સમાજના ધારાધોરણો પર આધારિત

(B) દરમિયાન ઉત્તર કિશોરાવસ્થા માતા-પિતાથી પ્રભાવિત

(C) પૂર્વ પુખ્તાવસ્થા દરમિયાન વૈજ્ઞાનિક નિયમો અને પ્રક્રિયાને આધારે

(D) ઉત્તર બાલ્યાવસ્થા દરમિયાન વૈજ્ઞાનિક નિયમોને આધારે

55. સામાજિક સંજ્ઞાનમાં સ્વચાલિત પ્રક્રિયાઓની શું ભૂમિકા છે ?

(A) એ લોકોને વિચારપૂર્વક અને સભાન નિર્ણયો કરવામાં મદદ કરે છે

(B) એ સામાજિક ઉદ્દીપકોનું પ્રયત્ન પૂર્વકનું વિશ્લેષણ કરે છે

(C) એ સામાજિક પરિસ્થિતિઓનું શીઘ્ર, અવચેતન મૂલ્યાંકન કરે છે

(D) એ વિચાર પ્રક્રિયાના પક્ષપાતો દૂર કરે છે

56. જ્યારે દીકરી તેના અભ્યાસમાં સારું પ્રદર્શન કરે ત્યારે તેના માતાપિતા તેને ચૉકલેટ આપે છે. પણ તેના ભાઈને ચૉકલેટ ત્યારે જ મળે છે જ્યારે તે વર્ગમાં સૌથી વધુ માર્ક્સ મેળવે. આ ઉદાહરણ છે

(A) વિધાયક અને નિષેધક પ્રબલન

(B) પ્રાથમિક અને ગૌણ પ્રબલન

(C) સતત અને ગૌણ પ્રબલન

(D) સતત અને આંશિક પ્રબલન

57. Antidepressant drugs like prozac are often used to treat mood disorders, which neurotransmitter system do these type of drugs try to affect ?

(A) Serotonin
(B) Adrenaline
(C) Acetylcholine
(D) Endorphins

58. According to Erikson's theory trust vs mistrust stage occurs during

(A) Early adolescence stage
(B) Birth to first year
(C) Late adolescence stage
(D) Adulthood stage

59. In a positively skewed distribution which of the following is correct ?

(A) Mean > Median
(B) Mean < Median
(C) Mean = Median
(D) Mode > Median

60. Which of the following statements about the successful 'Termites' in the Terman and Oden (1959) study is NOT true ?

(A) The successful men earned more money
(B) The successful men were more likely to be divorced
(C) The unsuccessful men were less healthy
(D) The unsuccessful men held jobs of lower prestige

57. વિષાદ વિરોધી દવાઓ જેવી કે પ્રોઝેક નો ઉપયોગ મનોદશાની વિકૃતિઓનો ઉપચાર કરવા થાય છે.
નીચેનામાંથી કયા ન્યુરોટ્રાન્સમીટરનું તંત્ર આવી ઔષધીથી પ્રભાવિત થાય છે?

(A) સિરોટોનીન
(B) એડ્રીનાલીન
(C) એસેટાઇલકોલીન
(D) એન્ડોર્ફિન

58. એરીક્સનના સિદ્ધાંત પ્રમાણે વિશ્વાસ વિ. અવિશ્વાસનો તબક્કો____ દરમિયાન આવે છે.

(A) પૂર્વ તારુણ્યકાળનો તબક્કો
(B) જન્મથી એક વર્ષ સુધી
(C) ઉત્તર તારુણ્યકાળનો તબક્કો
(D) પુખ્તાવસ્થાનો તબક્કો

59. ધન વિષમતા વિસ્તરણમાં નીચેનું શું સાચું છે?

(A) મધ્યક >મધ્યસ્થ
(B) મધ્યક < મધ્યસ્થ
(C) મધ્યક = મધ્યસ્થ
(D) બહુલક > મધ્યસ્થ

60. નીચેનામાંથી કયું વિધાન ટર્મન અને ઓડેન (1959) ના અભ્યાસમાં સફળ 'Termites' માટે સાચું નથી?

(A) સફળ વ્યક્તિ વધુ પૈસા કમાયા હતા
(B) સફળ પુરુષોના છૂટાછેડા થવાની શક્યતા વધુ હતી
(C) અસફળ પુરુષો ઓછા સ્વસ્થ હતા
(D) અસફળ પુરુષોએ ઓછી પ્રતિષ્ઠાવાળી નોકરીઓ કરી

61. Who among the following is/are the advocates of the instinct approach to understand human motivation ?

I. Freud

II. McDougall

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

62. Human possesses effective internal mechanism for restraining anger and overt aggression, such mechanism is called as

(A) Self-regulation

(B) Affect

(C) Self-aggression

(D) Metabolism

63. Children learn through peers and social interactions. This view was strongly proposed by

(A) Vygotsky

(B) Piaget

(C) Erikson

(D) Bandura

64. Which hormone is often associated with stress in psychoneuroimmunology ?

(A) Cortisol

(B) Insulin

(C) Estrogen

(D) Testosterone

61. નીચેનામાંથી કોણે માણસની પ્રેરણા ને સમજવા માટે સહજવૃત્તિ અભિગમની હિમાયત કરી છે ?

I. ફ્રોઈડ

II. મેકડુગલ

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બન્ને

(D) I અને II માંથી કોઈ નહીં

62. ગુસ્સો અને બાહ્ય આક્રમકતાને રોકવા માટે માનવ પાસે અસરકારક અંતરાલ પદ્ધતિ છે આ પદ્ધતિને____ કહેવામાં આવે છે.

(A) સ્વનિયમન

(B) અસર

(C) સ્વ આક્રમકતા

(D) ચયાપચય

63. બાળકો તેમના સાથીદારો અને સામાજિક આંતરક્રિયાથી શીખે છે. આ દ્રષ્ટિકોણ ભારપૂર્વક પ્રસ્તાવિત કર્યો હતો

(A) વાયગોત્સ્કી

(B) પીયાજે

(C) એરીકસન

(D) બાન્ડુરા

64. માનસન્યુરોઇમ્યુનોલોજીમાં તણાવ સાથે સામાન્ય રીતે કયો હોર્મોન સંકળાયેલ છે ?

(A) કોર્ટિસોલ

(B) ઇન્સ્યુલિન

(C) ઇસ્ટ્રોજન

(D) ટેસ્ટોસ્ટેરોન

65. Principle of similarity, principle of proximity and principle of continuity are the principles of ________ in Gestalt psychology.

(A) Field dynamics

(B) Figure and ground

(C) Association

(D) Organization

66. When brain researchers refer to brain plasticity, they are talking about

(A) The brain's ability to quickly regrow damaged neurons

(B) The brain's versatility caused by the millions of different neural connections

(C) Our adaptability to different problems ranging from survival needs to abstract reasoning

(D) New connections forming in brain to takeover for damaged sections

67. What sort of variable is the size of a dress ?

(A) Ratio

(B) Nominal

(C) Interval

(D) Ordinal

68. 'Pratyahara' is the part of

(A) Karma yoga

(B) Buddhi yoga

(C) Ashtanga yoga

(D) Bhakti yoga

65. સમષ્ટિ મનોવિજ્ઞાનમાં સમાનતાનો નિયમ, સમીપતાનો નિયમ અને સાતત્યનો નિયમ એ____ના નિયમો છે.

(A) ક્ષેત્ર ગતિશીલતા

(B) આકૃતિ અને પૃષ્ઠભૂમિકા

(C) સાહચર્ય

(D) સંગઠનીકરણ

66. જ્યારે મગજને લગતા સંશોધકો મગજની સુઘટ્યતા શબ્દનો ઉલ્લેખ કરે છે ત્યારે તેનો અર્થ શું હોય છે ?

(A) મગજની નુકસાન પામેલા ચેતાકોષોને શીઘ્ર ફરી વિકસિત કરવાની ક્ષમતા

(B) મગજના લાખો ચેતાકોષોના જુદાં જુદાં જોડાણોને લીધે બનતી મગજની સર્વતોમુખી પ્રતિભા

(C) આપણા જીવનની જુદી જુદી સમસ્યાઓ જેવી કે અસ્તિત્વની જરૂરિયાતોથી માંડીને અમૂર્ત તર્ક કરીને અનુકૂલન સાધવાની ક્ષમતા

(D) મગજના ઇજાગ્રસ્ત ભાગોમાં બનતા નવા જોડાણો

67. ડ્રેસનું માપ કયા પ્રકારનો ચલ છે ?

(A) અનુપાત માપની

(B) નામિક માપની

(C) અંતરાલ માપની

(D) ક્રમસૂચક માપની

68. 'પ્રત્યાહાર' શેનો ભાગ છે.

(A) કર્મયોગ

(B) બૌદ્ધિયોગ

(C) અષ્ટાંગયોગ

(D) ભક્તિયોગ

69. A research study was carried out to compare the level of happiness and frustration in the individuals using the social media in relation to their gender, age and usage.

- Dependent variables
  - Scores of Happiness scale
  - Scores of Frustration scale
- Independent variables
  - Gender (Males, Females)
  - Age group (13 – 24 years, 25 – 34 years, 35 – 44 years)
  - Social media usage (Less than 3 hours a day, more than 3 hours a day)

Identify, from the following options, the ANOVA factorial design that could be carried out to statistically analyze the data.

(A) 2 × 2

(B) 2 × 3

(C) 2 × 2 × 2

(D) 2 × 3 × 2

70. Which of the following is/are true about the thematic Apperception test ?

I. It is a personality test.

II. It is used for clinical diagnosis.

III. It is a non-projective test.

(A) Only I

(B) Only I and II

(C) Only II and III

(D) All I, II and III

69. સોશિયલ મિડિયાનો ઉપયોગ જાતિ, વય અને વપરાશના સંબંધમાં વ્યક્તિઓમાં સુખ અને હતાશાના સ્તરની સરખામણી કરવા માટે એક સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

- આધારિત પરિવર્ત્ય
  -સુખાકારી માપનીના પ્રાપ્તાંક
  -હતાશા માપનીના પ્રાપ્તાંક
- સ્વતંત્ર પરિવર્ત્ય
  -જાતિ (સ્ત્રી, પુરુષ)
  -વય જૂથ (13–24 વર્ષ, 25–34 વર્ષ, 35–44 વર્ષ)
  -સોશિયલ મિડિયાનો ઉપયોગ( દિવસમાં ત્રણ કલાક કરતાં, ઓછો, દિવસમાં ત્રણ કલાક કરતાં વધારે)

નીચેના વિકલ્પોમાંથી એનોવા ફેક્ટોરીયલને ઓળખો.

(A) 2 × 2

(B) 2 × 3

(C) 2 × 2 × 2

(D) 2 × 3 × 2

70. થીમેટીક એપરસેપ્શન ટેસ્ટ માટે નીચેનામાંથી શું સાચું છે ?

I. તે એક વ્યક્તિત્વ કસોટી છે

II. તેનો ચિકિત્સાત્મક નિદાન માટે ઉપયોગ થાય છે.

III. તે પ્રક્ષેપણ કસોટી નથી.

(A) ફક્ત I

(B) ફક્ત I અને II

(C) ફક્ત II અને III

(D) I, II અને III બધા

71. What is/are true about the spirituality from the perspective of Ramkrishna Paramhamsa ?

I. The concept of God is same in Hinduism, Islam and Christianity.

II. The concept of God is same in different sects of Hinduism.

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

72. A boy who can ride a bycycle is going to drive a motorbike. This is an example of

(A) Horizontal transfer of learning

(B) Vertical transfer of learning

(C) Bilateral transfer of learning

(D) No transfer of learning

73. Which of the following statements about creative people is true ?

(A) They are not very good at mental imagery

(B) They are not afraid to be different

(C) They value their dependence in others

(D) They are often very conventional in their work

71. રામકૃષ્ણની દ્રષ્ટિએ આધ્યાત્મિકતા માટે શું સાચું છે ?

I. હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ અને ખ્રિસ્તી ધર્મમાં ભગવાનનો ખ્યાલ સરખો છે.

II. હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયોમાં ભગવાનનો ખ્યાલ સરખો છે.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બન્ને

(D) ના I અને ના II

72. એક છોકરો સાયકલ ચલાવી શકે તો તે બાઈક ચલાવી શકશે. આ ઉદાહરણ છે.

(A) સમસ્તર શિક્ષણ સંક્રમણ

(B) લંબરૂપ શિક્ષણ સંક્રમણ

(C) દ્વિપક્ષીય શિક્ષણ સંક્રમણ

(D) શૂન્ય શિક્ષણ સંક્રમણ

73. નીચેનામાંથી કયું વિધાન સર્જનાત્મક લોકો માટે સાચું છે.

(A) તેઓ માનસિક પ્રતિમાઓમાં બહુ સારા નથી

(B) તેઓ જુદા પડવામાં ડરતા નથી

(C) તેઓ બીજા પર તેમની પરાધીનતાને મહત્વની ગણે છે

(D) તેઓ તેમના કાર્યમાં ઘણીવાર પરંપરાગત હોય છે

74. Which of the trait theory/ies is/are NOT based on factor analytic approach ?

I. Allport's theory

II. Goldberg's theory

III. Eysenck's theory

(A) Only I

(B) Only II

(C) Only I and II

(D) Only II and III

75. Anita is four years old. The intelligence test that would most likely be used to determine her IQ is

(A) WAIS – IV

(B) WISC – IV

(C) WPPSI – III

(D) Dove Test

76. Which of the following types of long term memory, deals with individual's personal experiences ?

(A) Semantic memory

(B) Episodic memory

(C) Procedural memory

(D) Working memory

77. Humans can be trained to respond in specific ways and the entire world could be civilized. This view of human development is best supported by

(A) Psychoanalytic approach

(B) Cognitive approach

(C) Humanistic approach

(D) Behavioristic approach

74. નીચેનામાંથી કયું લક્ષણ સિદ્ધાંત/સિદ્ધાંતો ઘટક વિશ્લેષણ અભિગમ પર આધારિત નથી.

I. ઓલપોર્ટનો સિદ્ધાંત

II. ગોલ્ડબર્ગનો સિદ્ધાંત

III. આઇસેન્કનો સિદ્ધાંત

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) ફક્ત I અને II

(D) ફક્ત II અને III

75. અનિતા ચાર વર્ષની છે. તેનો બુદ્ધિ આંક નક્કી કરવા માટેની સૌથી સારી બુદ્ધિ કસોટી હશે.

(A) WAIS – IV

(B) WISC – IV

(C) WPPSI – III

(D) Dove Test

76. નીચેનામાંથી લાંબા ગાળાની સ્મૃતિનો કયા પ્રકાર વ્યક્તિના વ્યક્તિગત અનુભવો સાથે વ્યવહાર કરે છે

(A) અર્થપૂર્ણ સ્મૃતિ

(B) ઘટનાત્મક સ્મૃતિ

(C) પ્રક્રિયાગત સ્મૃતિ

(D) કાર્યાત્મક સ્મૃતિ

77. મનુષ્યોને ચોક્કસ રીતે પ્રતિક્રિયા આપવા માટે તાલીમ આપી શકાય છે અને સમગ્ર વિશ્વ સભ્ય બની શકે. આ માનવ વિકાસનો દ્રષ્ટિકોણ ટેકો આપે છે.

(A) મનોવિશ્લેષણાત્મક અભિગમ

(B) બોધાત્મક અભિગમ

(C) માનવીય અભિગમ

(D) વાર્તનીક અભિગમ

78. Which psychological factor is often linked to increased Pornography consumption ?

(A) High self-esteem

(B) Curiosity and loneliness

(C) Strong social relationships

(D) Physical health issues

78. પોર્નોગ્રાફીનો વધુ ઉપયોગ કયા માનસિક કારણ સાથે જોડાયેલો હોય છે ?

(A) ઊંચો આત્મવિશ્વાસ

(B) જીજ્ઞાસા અને એકલતા

(C) મજબૂત સામાજિક સંબંધો

(D) શારીરિક આરોગ્ય સંબંધિત સમસ્યાઓ

79. When people persist in solving a problem the same way they have always gone about solving problems, they have creative

(A) A mental set

(B) Functional fixedness

(C) Confirmation bias

(D) Transformation bias

79. જ્યારે લોકો સમસ્યાના ઉકેલ માટે મક્કમ હોય છે ત્યારે તેઓ તેમણે ઊભી કરેલી સમસ્યા ઉકેલવા માટે મક્કમ રહે છે.

(A) માનસિક તત્પરતા

(B) કાર્યાત્મક સ્થિરતા

(C) પુષ્ટિકરણ પૂર્વગ્રહ

(D) રૂપાંતર પૂર્વગ્રહ

80. Who among the following has developed the theory of depression based on the concept of learned helplessness ?

(A) Rotter

(B) Seligman

(C) Bandura

(D) Adler

80. નીચેનામાંથી કોણે શિક્ષિત લાચારીના ખ્યાલને આધારે ખિન્નતાનો સિદ્ધાંત વિકસિત કર્યો છે ?

(A) રોટર

(B) સેલીગમેન

(C) બાન્ડુરા

(D) એડલર

81. ____________ is an illness caused by long-term abuse of alcohol often, involving profound retrograde amnesia.

(A) Alzheimer's disease

(B) Korsakoff's syndrome

(C) Down's syndrome

(D) Amnesia

81. ____ એ એક બિમારી છે જે લાંબા સમય સુધી દારૂના દુરુપયોગને કારણે થાય છે જેમાં ગંભીર પ્રતિગામી સ્મૃતિભ્રંશનો સમાવેશ થાય છે.

(A) અલ્ઝાઇમર રોગ

(B) કોર્સાકોફ સિન્ડ્રોમ

(C) ડાઉન સિન્ડ્રોમ

(D) સ્મૃતિભ્રંશ

82. Which concept in field theory helps to understand motivation and goal directed behaviour ?

(A) Role theory

(B) Cognitive dissonance

(C) Valence and vectors

(D) Conditioning

83. Using all capital letters in digital communication is often interpreted as

(A) Normal way of typing

(B) Showing politeness

(C) Yelling or shouting

(D) Adding emphasis gently

84. Which of the following neurotransmitters most closely resembles the affects alcohol has on the nervous system ?

(A) Anandemide

(B) GABA

(C) Dopamine

(D) Acetylcholine

85. Goleman has proposed that ___________ intelligence is a more powerful influence on success in life than other forms of intelligence.

(A) Analytical

(B) Creative

(C) Practical

(D) Emotional

82. ફિલ્ડ થિયરીમાં કઈ ધારણા પ્રેરણા અને લક્ષ્ય કેન્દ્રિત વર્તન સમજવામાં મદદ કરે છે?

(A) રોલ થિયરી

(B) જ્ઞાનાત્મક વિસંગતતા

(C) વેલેન્સ અને વેક્ટર (આકર્ષણ-વિરોધ શક્તિ) અને (દિશા સૂચક બળ)

(D) અભિસંધાન

83. ડિજીટલ સંચારમાં તમામ અક્ષરો મોટા અક્ષરે (કેપીટલ લેટર) લખવું શી રીતે સમજવામાં આવે છે?

(A) સામાન્ય લખવાની રીત

(B) શિસ્ત અને વિનમ્રતા દર્શાવવી

(C) ચીસ પાડવી કે ઊંચા અવાજે બોલવું

(D) હળવેથી મહત્વ દર્શાવવું

84. નીચેનામાંથી કયા ન્યુરોટ્રાન્સમીટરની અસર માનવ મગજના ચેતાતંત્ર પર આલ્કોહોલની અસર જેવી હોય છે?

(A) અનાન્ડામાઈડ

(B) ગાબા

(C) ડોપામાઈન

(D) એસેટાઇલકોલીન

85. ગોલમેને પ્રતિપાદિત કર્યું કે _____ બુદ્ધિ એ બુદ્ધિના બીજા સ્વરૂપો કરતાં જીવનની સફળતાને પ્રભાવિત કરવામાં વધુ શક્તિશાળી છે.

(A) વિશ્લેષણાત્મક

(B) સર્જનાત્મક

(C) વ્યવહારુ

(D) આવેગીક

86. The concept of 'primary mental abilities' was given by
(A) Guilford
(B) Sternberg
(C) Spearman
(D) Thurstone

87. Which of the following is NOT a quasi-experimental design ?
(A) Non-randomised controlled group pre-test, post-test design
(B) Counter balance design
(C) Single group time series design
(D) Single group only post test design

88. "Dreams and various kinds of psychopathologies of everyday life do represent the repressed sexual contents" who said this ?
(A) Kardinar
(B) Mead
(C) Sigmund Freud
(D) Malinowski

89. In the counseling process, the counselor's goals are
(A) Establish a comfortable and positive relationship
(B) Client must share the reasons for seeking counseling
(C) Client must cooperate in the assessment
(D) To facilitate non-communication

86. 'પ્રાથમિક માનસિક ક્ષમતા'નો ખ્યાલ ______ આપ્યો હતો.
(A) ગીલફોર્ડ
(B) સ્ટર્નબર્ગ
(C) સ્પીયરમેન
(D) થર્સ્ટન

87. નીચેનામાંથી કઈ અર્ધ પ્રાયોગિક સંશોધન યોજના નથી ?
(A) અયાદચ્છિક નિયંત્રિત જૂથ પૂર્વ-પશ્ચાત કસોટી યોજના
(B) પ્રતિ સંતુલન યોજના
(C) એક જૂથ સમય શ્રેણી યોજના
(D) એક જૂથ ફક્ત ઉત્તર કસોટી યોજના

88. "સ્વપ્ન અને રોજીંદા જીવનના વિવિધ પ્રકારના મનોરોગો દમિત જાતિય બાબતોને દર્શાવે છે" આ કોણે કહ્યું છે ?
(A) કાર્ડીનર
(B) મીડ
(C) સિગ્મંડ ફ્રોઈડ
(D) મલીનોવ્સ્કી

89. સલાહ પ્રક્રિયામાં, સલાહકારનો હેતુ હોય છે.
(A) આરામદાયક અને વિધાયક સંબંધની સ્થાપના કરવી
(B) અસીલે સલાહ માટેના કારણો જણાવવા જ જોઈએ
(C) અસીલે મૂલ્યાંકનમાં સહયોગ આપવો જ જોઈએ
(D) પ્રત્યાયન ન કરવાની સુવિધા આપવી

90. Match the pairs from Column – I and Column – II.

| Column – I | Column – II |
|---|---|
| a. Army Beta | 1. Sternberg |
| b. Creativity | 2. Verbal |
| c. Army Alpha | 3. Non-verbal test |
| d. Intelligence | 4. Guilford |

(A) a – 2, b – 1, c – 3, d – 4
(B) a – 3, b – 4, c – 2, d – 1
(C) a – 4, b – 3, c – 1, d – 2
(D) a – 1, b – 2, c – 4, d – 3

90. હારમાળા – I અને હારમાળા – II ના જોડકા જોડો.

| Column – I | Column – II |
|---|---|
| a. આર્મી બીટા | 1. સ્ટર્નબર્ગ |
| b. સર્જનાત્મકતા | 2. શાબ્દિક |
| c. આર્મી આલ્ફા | 3. અશાબ્દિક કસોટી |
| d. બુદ્ધિ | 4. ગીલફોર્ડ |

(A) a – 2, b – 1, c – 3, d – 4
(B) a – 3, b – 4, c – 2, d – 1
(C) a – 4, b – 3, c – 1, d – 2
(D) a – 1, b – 2, c – 4, d – 3

91. Which of the following is correct as the meaning of operational definition ?
(A) It is the same as the conceptual definition
(B) It is the way concept is measured
(C) Conceptual and operational definitions are completely independent of each other
(D) Conceptual definition has no meaning without operational definition

91. કાર્યાત્મક વ્યાખ્યાના અર્થ માટે નીચેનામાંથી કયું સાચું છે ?
(A) તે સંકલ્પનાત્મક વ્યાખ્યાની સમાન છે
(B) સંકલ્પના માપનનો તે એક રસ્તો છે
(C) સંકલ્પનાત્મક અને કાર્યાત્મક વ્યાખ્યાઓ એક બીજાથી સંપૂર્ણપણે સ્વતંત્ર છે
(D) સંકલ્પનાત્મક વ્યાખ્યાનો કાર્યાત્મક વ્યાખ્યા સિવાય કોઈ અર્થ નથી

92. Which of the following are NOT the Existential psychologist ?
(A) Kaam and Binswanger
(B) Kierkegaard and Sartre
(C) Jaspers and Heidegger
(D) Locke and Berkeley

92. નીચેનામાંથી કોણ અસ્તિત્વવાદી મનોવૈજ્ઞાનિક નથી ?
(A) કામ અને બીન્સવેન્ગર
(B) કીઅરકેગાર્ડ અને સાસ્ત્રે
(C) જાસ્પર્સ અને હેઇડેગર
(D) લોકે અને બર્કલે

93. In Acceptance and Commitment Therapy, the process of cognitive diffusion involves

(A) Suppressing distressing thoughts
(B) Believing thoughts to be absolute truths
(C) Changing the content of thoughts
(D) Detaching from thoughts and seeing them as passing mental events

94. Some psychologists consider Stanley Milgram's obedience studies to be unethical because of which ethical consideration ?

(A) Improper sampling procedure
(B) Clear scientific purpose
(C) Debriefing
(D) Anonymity

95. In Alzheimer's disease patients experience mainly

(A) Problems in sleep
(B) Problems in speech
(C) Problems in memory
(D) Problems in motor coordination

96. If item difficulty index of three items, namely, X, Y, Z are .85, .25 and .40 respectively then which of the following is correct ?

I. Item X is most difficult of all.
II. Item difficulty can not be estimated from this data.

(A) Only I
(B) Only II
(C) Both I and II
(D) Neither I nor II

93. સ્વીકાર અને પ્રતિબદ્ધતા ઉપચારમાં બોધાત્મક પ્રસરણની પ્રક્રિયામાં શું સામેલ થાય છે ?

(A) તણાવદાયક વિચારોનું દમન
(B) વિચારોને નિરપેક્ષ સત્ય માનવા
(C) વિચારોના વિષયવસ્તુમાં ફેરફાર કરવો
(D) વિચારોથી મનને અલગ કરવું અને વિચારોને એક પસાર થતાં માનસિક ઘટનાક્રમ તરીકે જોવા

94. અમુક મનોવિજ્ઞાનીના મત પ્રમાણે નિમ્નલિખિત કયા નૈતિક બાબતને કારણે સ્ટેન્લી મિલરના આજ્ઞાપાલનનો અભ્યાસ અનૈતિક છે.

(A) નમૂનો પસંદ કરવાની અયોગ્ય પદ્ધતિ
(B) સ્પષ્ટ વૈજ્ઞાનિક હેતુ
(C) સુચના
(D) અનામીપણું

95. અલ્ઝાઈમર રોગમાં દર્દીઓ મુખ્યત્વે અનુભવે છે.

(A) ઊંઘમાં મુશ્કેલી
(B) બોલવામાં મુશ્કેલી
(C) સ્મૃતિમાં મુશ્કેલી
(D) કારકસંકલનમાં મુશ્કેલી

96. જો ત્રણ એકમો X, Y, Z નો કઠીનતા આંક અનુક્રમે .85, .25 અને .40 હોય તો નીચેનામાંથી ક્યું સાચું છે ?

I. એકમ X એ બધા કરતા કઠીન છે
II. એકમની કઠીનતા આ માહિતીને આધારે અંદાજિત ન કરી શકાય.

(A) ફક્ત I
(B) ફક્ત II
(C) I અને II બન્ને
(D) I અને II માંથી એક પણ નહીં

97. What is the full form of SPSS now ?

(A) Statistical Package for Social Sciences

(B) Statistical Program for Social Sciences

(C) Statistical Product for Social Sciences

(D) Statistical Product and Service Solutions

98. Which of the following is true about the person centered therapy ?

I. It emphasizes on self discovery by the client.

II. Therapist should get respect and love from the client.

(A) Only I

(B) Only II

(C) Both I and II

(D) Neither I nor II

99. Which of the following theorist proposed psychoticism as a dimension of personality ?

(A) Cattell (B) Eysenck

(C) Allport (D) Jung

100. Which of the following is mainly associated with Freud's theory of psychoanalysis ?

(A) Cognition

(B) Structure of personality

(C) Unconditional positive regard

(D) Collective unconscious

97. SPSSનું પૂરું નામ શું છે ?

(A) સ્ટેટેસ્ટીકલ પેકેજ ફોર સોશિયલ સાયન્સીસ

(B) સ્ટેટેસ્ટીકલ પ્રોગ્રામ ફોર સોશિયલ સાયન્સીસ

(C) સ્ટેટેસ્ટીકલ પ્રોડક્ટ ફોર સોશિયલ સાયન્સીસ

(D) સ્ટેટેસ્ટીકલ પ્રોડક્ટ એન્ડ સર્વિસ સોલ્યુશન્સ

98. વ્યક્તિકેન્દ્રિત ઉપચાર માટે નીચેનું કયું સાચું છે ?

I. તે અસીલના સ્વશોધન પર ભાર મૂકે છે.

II. ઉપચારકે અસીલ પાસેથી આદર અને પ્રેમ મેળવવો જોઈએ.

(A) ફક્ત I

(B) ફક્ત II

(C) I અને II બન્ને

(D) I અને II માંથી એક પણ નહીં

99. નીચેનામાંથી કયા સિદ્ધાંતવાદીએ મનોવિકૃતિને વ્યક્તિત્વના એક પાસા તરીકે પ્રસ્તાવિત કરી છે ?

(A) કેટલ (B) આઈસેન્ક

(C) ઓલપોર્ટ (D) યુંગ

100. નીચેનામાંથી કયું ફ્રોઈડના મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત સાથે જોડાયેલું છે ?

(A) બોધન

(B) વ્યક્તિત્વની સંરચના

(C) બિનશરતી વિધાયક દ્રષ્ટિકોણ

(D) સંગઠીત ચેતના

**Space for Rough Work**

✳ ✳
CAL ✳
✳ ✳